**તા.૧-૨-૧૬**

## પ્રેસનોટ

# સ્કૂલ બોર્ડનું ગૌરવ

⇨ **"સરદાર પુત્રી - પૂજય મણિબેન પટેલનું જીવન-કવન" વિષય પરની વકતૃત્વ સ્પર્ધામાં**

માણેકલાલ જેઠાલાલ પુસ્તકાલય દ્વારા ૩૦ જાન્યુઆરી ગાંધી નિર્વાણ દિન નીમીત્તે યોજાયેલી "સરદાર પુત્રી - પૂજય મણિબેન પટેલનું જીવન-કવન" વિષય પરની વકતૃત્વ સ્પર્ધામાં ધો. ૬ થી ૮માં અભ્યાસ કરતી ખાનગી પ્રાથમિક શાળાની ૧૦ અને મ્યુનિસિપલ શાળાની પાંચ ઝોનની પાંચ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. આ વકતૃત્વ સ્પર્ધામાં ત્રણ વિજેતા પૈકી બે વિજેતા સ્કૂલ બોર્ડના બાળકો રહ્યા હતા.

સમગ્ર શહેરમાંથી પસંદ કરવામાં આવેલી ૧૫ શાળાઓના સ્પર્ધકમાં <u>પ્રથમ ક્રમે સેજવાલ ભાવિકા કિશોરભાઈ- રખિયાલ ગુજરાતી શા.નં.૨ અને તૃતીય નંબરે ડાભી વૈશાલી જીવરાજભાઈ ગાંધીનગર ગુજરાતી શાળા નં.૨ , કીરણપાર્ક વિજેતા થયાં હતા.</u>

દિવાન બલ્લુભાઈ પ્રાથમિક શાળા કાંકરિયા <u>પટેલ મહેરોજબાનુ ઝાકીરહુસેન</u> બીજા ક્રમે વિજેતા થયાં હતા.

⇨ **રાષ્ટ્રીય કક્ષાની નિબંધ સ્પર્ધામાં નારણપુરા મ્યુનિ. શાળા તૃતીય ક્રમે**

રાષ્ટ્રીયકક્ષાએ પી.સી.આર.એ.(પેટ્રોલિયમ ઉત્પાદન અને ઈંધણ સંરક્ષણ) દ્વારા યોજાયેલી નિબંધ સ્પર્ધામાં નારણપુરા શા.નં.૧ની વિદ્યાર્થીની આરતી દિનેશકુમાર પ્રજાપતિ તૃતીય ક્રમે વિજેતા થઈ છે.

આ વિદ્યાર્થીનીએ પી.સી.આર.એ દ્વારા નિબંધ માટે સૂચવેલા ત્રણ વિષયો પૈકી "મારે શા માટે અને કેવી રીતે ઈંધણ સંરક્ષણ કરવું જોઈએ? ' લખેલ નિબંધને તૃતીય સ્થાન પ્રાપ્ત થયું છે.

૩૦ સપ્ટેમ્બર-૨૦૧૫ નિબંધ ઈ.મેઈલ દ્વારા મોકલવાની અંતિમ તારીખ હતી. વિજેતા વિદ્યાર્થીની આરતી દિનેશકુમાર પ્રજાપતિએ રાષ્ટ્રીય કક્ષાએ અમદાવાદ મ્યુનિ.સ્કૂલ બોર્ડનું ગૌરવ વધાર્યું છે.

૧. રૂા.૧૨,૫૦૦/-નો ચેક
૨. રૂા.૧૦,૫૦૦/- ની કિંમતનું ટેબ્લેટ
૩. મોમેન્ટો
૪. સર્ટીફિકેટ વિદ્યાર્થીનીને પ્રાપ્ત થયાં છે.

⇨ **સમુદ્રીય સ્કાઉટ તાલીમ માટે પસંદગી**

શાહપુર ગુજરાતી શા.નં.૪ના ૨ ગાઈડ બાળકો અને ૪ સ્કાઉટ બાળકો એમ કુલ ૬ બાળકો ઓખા ખાતે યોજાયેલા ૬ દિવસના સમુદ્રીય સ્કાઉટ તાલીમ માટે પસંદ થયેલ છે. ૩૧ જાન્યુઆરીના રોજ તેઓશ્રી આ તાલીમ માટે શિક્ષક સાથે રવાના થયા છે.

| | | |
|---|---|---|
| ડૉ. એલ.ડી. દેસાઈ | ડૉ. હર્ષદ પટેલ | ડૉ. જગદીશ ભાવસાર |
| શાસનાધિકારી | વાઈસ ચેરમેન | ચેરમેન |

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ , અમદાવાદ